# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી-011

ફોનઃ 011-23005700, ફેક્સઃ 011-23005787

## <u>પ્રેસ રિલીઝ</u>

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહે આસામના ગોલપાડા જિલ્લામાં તાજેતરમાં થયેલા હિંસાચાર બાબતે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તે ઘટનામાં પોલીસ ગોળીબારમાં 13 વ્યક્તિઓ અને શંકાસ્પદ બાંગ્લાદેશીઓ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં 13 જણા માર્યા ગયા હતા. આ હિંસાચારમાં કુલ 26 જણા માર્યા ગયા એટલું જ નહિ બલકે 15 ગામોના ઘરોમાં આગ પણ લગાવવામાં આવી હતી. રાજ્યના ગોલપાડા જિલ્લામાં ફેલાયેલી હિંસાની ઘટનાએ રાજ્ય સરકારની નિષ્ક્રીયતાનો પર્દાફાશ થયો છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા ખતમ થઈ ચૂકી હોય એવું જણાય છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને શ્રી રાજનાથ સિંહે ચાર સાંસદોનું પ્રતિનિધિમંડળ આસામ મોકલવાનો નિર્ણય લીધો છે, જે પરિસ્થિતિની જાણકારી મેળવશે. તે ટીમ રવિવાર 17 ફેબ્રુઆરીથી આસામની મુલાકાત લેશે. તે ટીમના સભ્યોમાં નીચેના સાંસદોનો સમાવેશ થાય છેઃ

(1) શ્રીમતી વિજયા ચક્રવર્તી

(2) શ્રી પ્રકાશ જાવડેકર

(3) શ્રી તરુણ વિજય

(4) શ્રી રાજેન્દ્ર અગ્રવાલ

**(ઓ.પી.અગ્રવાલ)**

**હેડક્વાર્ટર ઈન્ચાર્જ**